ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૭-૭-૨૦૨૧, મંગળવાર ૫

હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# ઉત્તર ગુજરાતમાં આભ ફાટ્યું : બેચરાજીમાં સાડા છ ઈંચ વરસાદ

## શંખેશ્વર, જોટાણા, વિજાપુર ૫ ઈંચ, મહેસાણા, પ્રાંતિજ સાડા ચાર ઈંચ વરસાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં આભ ફાટ્યું હોય તે રીતે ૪ ઈંચ થી ૬ ઈંચ વરસાદ ખાબકતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ૪૭ પૈકી ૪૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. મહેસાણા જિલ્લાના બેચરાજીમાં સૌથી વધુ ૧૬૦ મિમી, જોટાણા-શંખેશ્વર ૧૨૦ મિમી, મહેસાણા-પ્રાંતિજમાં ૧૧૦ મિમી વરસાદ વરસતાં સૂકાઈ રહેલી ચોમાસુ ખેતીને લાંબા સમયનું રક્ષણ મળ્યું છે.

વરસાદ ખેંચાયા પછી સ્થિતિ વિકટ બનતી હતી.





વરસાદ ન વરસે તો ખેડૂતોનું મોંઘુદાટ બિયારણ નિષ્ફળ જવાનો ભય ખેડૂતોને સતાવતો હતો પરંતુ રવિ અને સોમવારે વરસેલા અનરાધાર વરસાદથી ઉત્તર ગુજરાતમાં મૂંરઝાઈ રહેલી ખેતીનો બચાવ થયો છે. આ વર્ષે વરસાદની ઘટ વધી રહી હતી પરંતુ જુલાઈના અંતિમ સપ્તાહમાં વરસતા વરસાદના કારણે વરસાદી ઘટ ઓછી થઈ છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર જો ભારે વરસાદ વરસ્યો ન હોત તો અમારી ખેતીની મહેનત નિષ્ફળ જવાની સ્થિતિ હતી પરંતુ કુદરતે ખેડૂતોના આંસુ લૂંછવાનો પ્રયાસ કર્યો છે. ઉત્તર ગુજરાતના ચાણસ્મા, શંખેશ્વર, સિદ્ધપુર, બેચરાજી, જોટાણા, મહેસાણા, કડી, વિજાપુર, ઉંઝા, વિસનગર, પ્રાંતિજ, હિંમતનગર, તલોદ, બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા અને મેઘરજમાં એકંદરે સારા વરસાદના કારણે સર્વત્ર ખુશાલી જોવા મળી છે. ગૌરીવ્રતના સમયમાં વરસાદ વરસતાં અનેક લોકોએ ભગવાન શિવજીની અપાર કૃપા હોવાની આસ્થા વ્યક્ત કરી છે.

### ઉત્તર ગુજરાતમાં વરસાદ..

| તાલુકો | વરસાદ (મિમી) | | |
|---|---|---|---|
| ચાણસ્મા | ૮૯ | બેચરાજી | ૧૬૦ |
| હારીજ | ૪૭ | જોટાણા | ૧૨૦ |
| પાટણ | ૪૬ | કડી | ૫૭ |
| રાધનપુર | ૩૦ | ખેરાલુ | ૨૬ |
| સમી | ૩૨ | મહેસાણા | ૧૧૦ |
| સાંતલપુર | ૧૧ | સતલાસણા | ૨૮ |
| સરસ્વતી | ૬૦ | ઉંઝા | ૬૧ |
| શંખેશ્વર | ૧૨૭ | વડનગર | ૪૫ |
| સિદ્ધપુર | ૫૫ | વિજાપુર | ૧૨૦ |
| અમીરગઢ | ૨૦ | વિસનગર | ૫૭ |
| ભાભર | ૦૯ | હિંમતનગર | ૪૨ |
| દાંતા | ૧૫ | ઈડર | ૩૬ |
| દાંતીવાડા | ૧૬ | ખેડબ્રહ્મા | ૨૮ |
| ડીસા | ૩૦ | પોશીના | ૧૬ |
| દિયોદર | ૦૨ | પ્રાંતિજ | ૧૧૦ |
| ધાનેરા | ૪૨ | તલોદ | ૬૦ |
| કાંકરેજ | ૨૬ | વડાલી | ૨૧ |
| લાખણી | ૦૫ | વિજયનગર | ૨૯ |
| પાલનપુર | ૧૭ | બાયડ | ૮૩ |
| થરાદ | ૦૪ | ભિલોડા | ૩૭ |
| વડગામ | ૨૧ | ધનસુરા | ૬૭ |
| વાવ | ૦૧ | માલપુર | ૫૦ |
| | | મેઘરજ | ૫૮ |
| | | મોડાસા | ૭૨ |

# આભેથી ઉતર્યું વરસાદી હેત : જિલ્લાના ડેમ સાઈટ વિસ્તારોમાં ધોધમાર વરસાદ : જળસપાટીમાં વધારો થવાની આશા

## વાત્રક જળાશયમાં પ્રતિકલાકે ૧૦૦૦ ક્યુસેક પાણીની આવક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. આભે થી વરસાદી હેત મોંડે..મોંડે વરસાદતાં સમગ્ર જીવસૃષ્ટીને ટાઢક થઈ છે. એક સપ્તાહ અગાઉ વરસાદની ખેંચથી જળાશયોનાં તળીયાં ઝાટક થતાં પાણીની ગંભીર સમસ્યા ઉભી થવાના અણસાર હતા ત્યાં બે દિવસથી જિલ્લાના ડેમસાઈટ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વાત્રક જળાશયમાં પ્રતિકલાકે ૧૦૭૦ ક્યુસેક પાણીની આવક શરૂ થવાની સાથે માઝૂમ, વૈડી, વરાંસી અને ગોરઠીયા જળાશયમાં ૪૦ થી ૫૦ ક્યુસેક પાણીની ધીમી આવક શરૂ થવાથી આગામી સમયમાં જીવાદોરી સમાન જળાશયોમાં પાણીની જળસપાટીમાં વધારો થવાની આશા જન્મી છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી રીસાયેલા મેઘરાજાએ શનિવાર સાંજથી ધમાકેદાર પધરામણી કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વેસ્ટર્ન ડીસ્ટબન્સ તેમજ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરથી વરસાદી માહોલ સર્જાયો છે.

### જિલ્લાના ડેમસાઈટ વિસ્તારોમાં ૨૪ કલાક દરમ્યાન વરસાદની સ્થિતિ

| જળાશય | વરસાદ (મિમી) | મોસમનો કુલ વરસાદ |
|---|---|---|
| વાત્રક | ૬૦ | ૧૪૨ |
| ગુહાઈ | ૪૨ | ૧૭૮ |
| માઝૂમ | ૬૮ | ૨૬૧ |
| હાથમતી | ૬૦ | ૨૨૦ |
| લાંક | ૬૨ | ૨૧૦ |
| જવાનપુરા | ૪૬ | ૧૬૦ |
| હરણાવ | ૩૨ | ૨૪૫ |
| મેશ્વો | ૨૫ | ૧૨૯ |
| વૈડી | ૭૫ | ૨૨૫ |
| ખેડવા | ૪૦ | ૧૫૦ |

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની અતૃપ્ત ધરાને વરસાદ બે દિવસથી તૃપ્ત કરી રહ્યો છે. મોટાભાગના તાલુકાઓમાં સાર્વત્રિક મેઘમહેર થવાથી હાલ ખેતીનું ચિત્ર સુધરવાની સાથે આગામી દિવસોમાં ખાલીખમ જળાશયોમાં પાણીની આવક થવાની સંભાવના છે. રવિવારે આકાશમાં કાળાડીબાંગ વાદળો સાથે વરસાદ વરસવાની શરૂઆત થતાં જળાશયોમાં પાણીની સપાટીમાં વધારો થઈ શકે છે.

છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ડેમસાઈટ વિસ્તારોમાં ધોધમાર વરસેલા વરસાદના કારણે પાણીની ધીમી આવક નોંધાતાં તંત્રએ હાશ અનુભવી છે. જિલ્લાના વાત્રક, ગુહાઈ, માઝૂમ, હાથમતી, લાંક, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા સહિતના ડેમસાઈટ વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ધોધમાર વરસાદ વરસ્યો છે જેથી આગામી સમયમાં પાણીની આવકમાં મહત્તમ વધારો થવાની શક્યતા જણાઈ રહી છે.

# અમદાવાદ શહેરમાં પાંચ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીઓ કરાઈ

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવે અલગ અલગ પોલીસ સ્ટેશનના પીઆઈની આંતરીક બદલીઓ કરી છે. અમદાવાદ શહેરમાં ૫ પીઆઈની બદલીઓ કરવામાં આવી છે. દરિયાપુર, કારંજ, વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈની બદલીઓ કરવામાં આવી છે. આ સાથે સાઈબર ક્રાઈમ તેમજ વિશેષ શાખાના પીઆઈની પણ બદલી કરવામાં આવી છે. ગુજરાતના પોલીસ વિભાગમાં એકસાથે ૬૦ નવા પીઆઈની સીધી ભરતી કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી પીઆઈ કક્ષાના અધિકારી માટે સીધી પરીક્ષા લેવાની શરૂઆત થઈ છે. જે હેઠળ હવે ગુજરાતના જુદા-જુદા જિલ્લામાં આ અધિકારીઓ પોતાની ફરજ બજાવશે. વર્ષ ૨૦૧૮-૧૯માં પીઆઈ માટે પરીક્ષાનું આયોજન થયું હતું. જેનું પરિણામ હવે જાહેર થઈ ગયું છે. પીઆઈ કક્ષાના અધિકારીઓને પણ જીપીએસસી હેઠળ લેવાયેલી પરીક્ષા પાસ કરવી પડે છે. જેમને વર્ગ-૨ના કર્મચારી તરીકેનો દરજ્જો પણ આપવામાં આવે છે.

### ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

# જિલ્લાના સુલભ શૌચાલયોમાં સફાઈ શરૂ, કાયમી સફાઈ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સુલભ શૌચાલયોમાં લાંબા સમય પછી સ્વચ્છ જોવા મળ્યા. વેપારીઓએ અખબારના અહેવાલને આવકાર્યો છે.



પારાવાર ગંદકી અને તિવ્ર દુર્ગંધથી આસપાસના દુકાનદારો પરેશાન હોવાના અહેવાલ સોમવારે ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં સુલભ શૌચાલયના ઠેકેદારો સફાળા જાગ્યા છે. સફાઈ શરૂ થતાં ગંદાં ગોબરાં સુલભ શૌચાલય


જિલ્લાના શહેરી વિસ્તારોમાં બસ મથક નજીક તેમજ બગીચા હોય તેવા વિસ્તારમાં સુલભ શૌચાલય ઉભાં કરવામાં આવ્યા છે જેથી સ્થાનિક દુકાનદારો અને ખરીદી અર્થે આવતા લોકો તેનો શૌચક્રીયા માટે ઉપયોગ કરી શકે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી સુલભ શૌચાલયો ગંદકીથી ખદબદતા હતા. ઠેકેદારો સ્થાનિક વહીવટી તંત્રને ગાંઠતા ન હતા. દુર્ગંધ મારતી ગંદકીના કારણે લઘુશંકા માટે લોકો બહાર જવા લાગ્યા હતા. આ અંગેની જાણકારી એક જાગ્રત નાગરિક દ્વારા આપવામાં આવતાં અહેવાલ પ્રસિદ્ધ થયા અને એ સાથે જ કુંભકર્ણની નિંદ્રામાં આળોટતા ઠેકેદારોએ સુલભ શૌચાલયની અંદર અને બહારની ગંદકીની સફાઈ શરૂ કરી છે. માત્ર એકાદ-બે દિવસ સફાઈ કર્યા વગર કાયમી ધોરણે સુલભ શૌચાલયો સ્વચ્છ રાખવામાં આવે તો તેનો મહત્તમ ઉપયોગ કરી શકે.

# સાબરકાંઠા ખેતી બેન્કના ડિરેક્ટર ચૂંટાયા ફલજીભાઈ પટેલ

### ઈડર સહિતના વિસ્તારોમાં ખુશાલી, બિનહરીફ ચૂંટાયા

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા ખેતી બેન્કના ડિરેક્ટરની ચૂંટણી યોજાવવાની છે.



જેમાં તા.૨૬ જુલાઈએ ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે અન્ય ઉમેદવારે ફોર્મ પરત ખેંચતાં ફલજીભાઈ જી. પટેલ(ગોધમજી) ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવતાં ઈડર સહિતના વિસ્તારોમાં ખુશાલી છવાઈ છે.

સહકારી સંસ્થાઓમાં ચૂંટણી જંગના મંડાણ થઈ રહ્યા છે. સ્થાનિક એ.પી.એમ.સી.ની મુદત પૂર્ણ થતાં આવતા મહિને ચૂંટણીઓ યોજાવવાની છે જેના કારણે સહકારી રાજકારણમાં ગરમાવો જોવા મળે છે. ગુજરાત રાજ્ય ખેતી બેન્કની ચૂંટણીમાં જિલ્લા ડિરેક્ટરના જંગમાં બે સહકારી આગેવાનોએ ઝંપલાવ્યું હતું. બાયડના કનુભાઈ મણીભાઈ પટેલે સોમવારે તેમનું ઉમેદવારીપત્ર પરત ખેંચી લેતાં ફલજીભાઈ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. અઢી દાયકા પછી ઈડર પંથકને જિલ્લા બેન્કમાં ડિરેક્ટર પદ નસીબ થતાં આ વિસ્તારના અગ્રણીઓમાં ખુશાલી જોવા મળી છે.

# મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં વિજ હેલ્પરની વાતચીતનો ઓડીયો વાયરલ

### આપના કાર્યકરે ઓડીયો ફરતી કરી ખેલ પાડ્યો..!! : વીજળી ડૂલ થવાની ફરિયાદ કરનાર ગ્રાહકને ઉદ્ધત જવાબ, ઓડીયો ક્લીપ વાયરલ થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિજ હેલ્પર કે. એન. ખરાડી અને ગ્રાહક પરેશ મેણાત વચ્ચે થયેલી વાતચીતની ઓડીયો ક્લીપ કથિત ઉદ્ધતાઈ સાથે વાયરલ કરવામાં આવી છે. ઓડીયો રેકોડીંગ કરનાર આપના કાર્યકર હોવાથી કોઈ અલગ મંછા સાથે ક્લીપ ફરતી કરી ખેલ પાડ્યાની ચર્ચા ઉઠી છે.

ચોમાસાના આરંભ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીને લગતી ફરિયાદો વધી છે. ગામડાઓમાં વિજ ફોલ્ટ દૂર કરવા માટે હેલ્પર સહિતનો સ્ટાફ નિયત કરવામાં આવ્યો છે પરંતુ મોટાભાગના હેલ્પરો કામ સમયે શોધ્યા પણ જડતા નથી. મેઘરજ તાલુકાના ઝરડા વિસ્તારમાં વરસાદના આરંભ સાથે વીજળીના ધાંધિયા શરૂ થયા છે. પ્રજા વિજ સમસ્યાથી અનહદ ત્રાસેલી છે ત્યાં રાત્રિના સમયે કેબલ ફાયર થતાં સમગ્ર વિસ્તારમાં વીજળી ડૂલ થઈ હતી જેથી સ્થાનિક ગ્રાહક અને આપના કાર્યકર દ્વારા આ વિસ્તારમાં મૂકાયેલ હેલ્પરને ફોન લગાવી કેબલ સળગ્યું હોવાની જાણ કરી તાત્કાલિક વિજ પુરવઠો શરૂ થાય તે માટે કહેવામાં આવ્યું હતું પરંતુ સામે વાત કરનાર વિજ તંત્રનો હેલ્પરે કરંટભેર ગ્રાહક સાથે વાત કરી ઉદ્ધત વર્તાવ કર્યો હોવાના આક્ષેપ સાથે ઓડીયો ક્લીપ ફરતી કરવામાં આવતાં વિજ તંત્રમાં કરંટ જેવી સ્થિતિ છે.

# આકાશે ઉઘાડ્યાં બારણાં, મૂરઝાતી મોલાતને જીવતદાન

### જિલ્લામાં મેઘકૃપા થતાં 3.60 લાખ હેક્ટર વાવેતરને ફાયદો, ખેડૂતો હરખઘેલા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જેની ચાતક નજરે રાહ જોવાતી હતી તે વરસાદ ખેતી માટે સંજીવનીરૂપ બની સાર્વત્રિક મહેર

જિલ્લામાં અણીના સમયે વરસાદે હેત વરસાવતાં ખરીફ ખેતી ઉપરાંત સમગ્ર જીવસૃષ્ટીમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. એક સપ્તાહ અગાઉ ખેડૂતોના વ્યથિત

હિંમતનગર સહિતના વિસ્તારોમાં વરસાદે પધરામણી કરતાં ખરીફ વાવેતરને જીવતદાન મળ્યું છે. આકાશમાંથી બે દિવસથી સંજીવનીરૂપ વરસાદ વરસી રહ્યો



વરસાવતાં ખરીફ વાવેતરને જીવતદાન મળ્યું છે. જિલ્લામાં આકાશે બારણાં ઉઘાડતાં અપાર મેઘકૃપા થઈ છે જેના કારણે બંન્ને જિલ્લામાં કુલ-૩,૫૯,૬૧૩ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતરને ફાયદો થવાથી ખેડૂતો હરખઘેલા બન્યા છે. જિલ્લામાં વરસાદ ખેંચાતાં ખેડૂતોના જીવ ઉંચા થઈ ગયા હતા અને એક તબક્કે ખરીફ વાવેતર નિષ્ફળ જવાની ભીતી વ્યક્ત થઈ હતી પરંતુ છેલ્લા ૨ દિવસથી ૧૪ તાલુકામાં અણીના સમયે વરસાદ વરસી રહ્યો છે.

ચહેરા ઉપર વરસાદે ખુશાલી લાવી દીધી છે. આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાતાં હતાં પરંતુ વરસાદ વરસતો ન હોવાથી ખેડૂતો, પ્રજા અને વેપારીઓ કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા હતા જેમાં છેલ્લા ૨ દિવસથી જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદે સાર્વત્રિક મહેર વરસાવતાં ઉત્સાહ જેવો માહોલ જોવા મળ્યો. જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, પોશીના, વડાલી, વિજયનગર અને

છે જેના કારણે સાબરકાંઠા જિલ્લામાં ૧,૯૫,૭૪૭ અને અરવલ્લી જિલ્લામાં ૧,૫૭,૩૮૬ હેક્ટર જમીનમાં થયેલા ખરીફ વાવેતરને નવું જોમ મળ્યું છે. એક તબક્કે વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાતાં ખેતી નિષ્ફળ જવાની સંભાવના હતી. બંન્ને જિલ્લા ખેતી આધારીત હોવાના આધારે વરસાદની અછતથી સૌ કોઈ ચિંતાતૂર બન્યા હતા પણ હવે વરસાદી માહોલ જામતાં ખેડૂતો નિસ્તેજ ચહેરા ઉપર ચમક આવી છે.

# નર્મદા ડેમની સપાટી વધીને ૧૧૫.૩૭ મીટર પર પહોંચી

ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સરદાર સરોવર નર્મદા ડેમ સહિતના ૨૯ ડેમની સપાટીમાં વધારો થયો છે. દમણ ગંગા ડેમના ૨ ગેટ ખોલવા પડ્યા હતા. નર્મદા ડેમમાં એક દિવસમાં ૧૦ સે.મીનો વધારો થયો છે. વરસાદને કારણે ૨૨,૭૭૨ ક્યુસેક પાણીની આવક થતા સપાટી ૧૧૫.૩૭ મીટર પર પહોંચી છે. નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વરસાદ પડતા પાણીની આવકમાં વધારો થયો છે, જેની સામે કેનાલમાં ૪૨૩૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. રાજ્યના ઉકાઈ, વાત્રક, મેશ્વો, વણાંકબોરી, પાનમ, કડાણા, કરજણસુખી, દાંતિવાડા સહિતના ડેમમાં વરસાદને પગલે પાણીની આવક વધી છે.



# ગાજણ-હનુમાનજી મંદિર પરિસરમાં ગાયત્રી પરિવારની યુથ ગૃપ, મોડાસા દ્વારા વૃક્ષારોપણ

### વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત વૃક્ષોના જતન હેતું ચાલી રહ્યું છે "પ્રાણવાન સન્ડે" આંદોલન

બાયડ તા.૨૬

વિશ્વભરમાં પર્યાવરણ બચાવવા પ્રયાસ ચાલી રહ્યા છે. ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષોના જતન હેતું ચાલી રહ્યું છે "વૃક્ષ ગંગા અભિયાન". આ અભિયાન અંતર્ગત ગાયત્રી પરિવાર યુથ ગૃપ (ઁરૂય) મોડાસા દ્વારા પ્રાણવાન સન્ડે ના નામે યોજના બનાવી છે. જેમાં વર્ષાઋતુમાં દર રવિવારે વૃક્ષોના જતન માટે જનજાગૃતિ લાવવા આ યુવાનો સઘન પ્રયાસ કરી રહ્યા છે. જેમાં વૃક્ષ વાવવા જ નહીં પણ તેનું સિંચન-ઉછેર જતન હેતું આંદોલન ચાલી રહ્યું છે.

૨૫ જુલાઈ, રવિવારે આ ગાયત્રી પરિવાર યુથ ગૃપ દ્વારા મોડાસા શામળાજી રોડ પર આવેલા ગાજણ નજીક હનુમાનજી મંદિર પરિસરમાં લીમડો ,પીપળો અને વડ એવા આઠ વૃક્ષારોપણ કરવામાં આવ્યા. જેમાં પ્રજ્ઞેશ કંસારા, વિરેન્દ્ર સોની, દેવાશિષ કંસારા, પ્રકાશ સુથાર ,યશ ભટ્ટ વિગેરે યુવાનોનું આ આયોજન સફળ બનાવવા માટે વિશેષ યોગદાન રહ્યું.